કુલ ગુણ : 100

# નામાનાં મૂળતત્ત્વો

સમય : 3 કલાક

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ છ વિભાગ અને 35 પ્રશ્નો છે. (2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે. (3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા. (4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે. (5) ફૂટપટ્ટી તેમ જ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે. (6) ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે. (7) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ-A

- નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો. (પ્રત્યેકનો એક ગુણ છે.) **[10]**

1. જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજની જોગવાઈ કરવામાં આવી ન હોય, તો કેટલા ટકા વ્યાજ આપવું ?
(A) 6% (B) 9% (C) 12% (D) કાંઈ નહિ

2. પાઘડીનો આધાર કોના પર રહેલો છે ?
(A) ધંધાકીય એકમના કર્મચારીઓ પર
(B) ધંધાકીય એકમના સંચાલકો પર
(C) ધંધાકીય એકમની મિલકતો પર
(D) ધંધાકીય એમકના ભવિષ્યમાં જળવણી રહે તેવા નફા પર

3. પુનઃ મૂલ્યાંકન ખાતાનો નફો કે નુકશાન કયા પ્રકારમાં ભાગીદારો વચ્ચે વહેંચવામાં આવે છે ?
(A) ત્યાગના પ્રમાણમાં
(B) લાભના પ્રમાણમાં
(C) નવા નફા-નુકશાનના પ્રમાણમાં
(D) જૂના નફા-નુકશાનના પ્રમાણમાં

4. X,Y અને Z 5:3:2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. Z નિવૃત્ત થાય છે, તો નફા-નુકશાનનું નવું પ્રમાણ શોધો.
(A) 5:3 (B) 3:5 (C) 3:2 (D) 5:2

5. ભાગીદારી પેઢીના વિસર્જન સમયે મિલ્કતોની ઉપજમાંથી સૌ પ્રથમ કઈ ચૂકવણી કરવામાં આવે છે ?
(A) ભાગીદારની લોન
(B) વિસર્જન ખર્ચ
(C) ભાગીદારની પત્નીની લોન
(D) ત્રાહિત પક્ષના દેવાં.

6. નીચેનામાંથી કઈ મૂડી કંપનીના પાકા સરવૈયામાં 'શેરડી' ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવતી નથી ?
(A) સત્તાવાર મૂડી (B) બહાર પાડેલી મૂડી (C) અનામત મૂડી (D) ભરાયેલી મૂડી

7. ડિબેન્ચર એ કંપની માટે.......... છે.
(A) મૂડી (B) લેણું (C) દેવું (D) મિલકત

8. ચાલુ મિલ્કતોમાંથી કઈ મિલક્ત બાદ કરવાથી પ્રવાહી મિલકતો મળે છે ?
(A) સ્ટોક
(B) રોકડ અને બેંક સિલક
(C) દેવાદારો
(D) લેણી હૂંડીઓ

9. Z - કંપનીનું વેચાણ રૂા. 4,80,000 કાચો નફો રૂા. 1,20,000 છે, તો કાચા નફાનો ગુણોત્તર શોધો.
(A) 30% (B) 25% (C) 20% (D) 35%

10. રોકડ પ્રવાહ પત્રકમાં કેટલી પ્રવૃત્તિઓ હોય છે ?
(A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) બે



Visit https://visionpapers.in For More Papers!!!

## વિભાગ-B

● **નીચેના 11 થી 20 સુધીના પ્રશ્નો ઉત્તર એક વાક્યમાં લખો. (દરેક એક ગુણ છે.)** **[10]**

1. મૂડીકૃત નફો એટલે શું ?
2. પુનઃ મૂલ્યાંકન ખાતાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?
3. નવા ભાગીદારના પ્રવેશ વખતે મિલકતો અને દેવાનું પુનઃ મૂલ્યાંકન શા માટે કરવામાં આવે છે ?
4. ભાગીદારી પેઢીના વિસર્જનની રીત જણાવો.
5. જામીનગીરી પ્રિમિયમ એટલે શું ?
6. કંપનીધારા-2013 મુજબ કંપની કેટલા વર્ષની મુદતના ડેબેન્ચર બહાર પાડી શકે ?
7. સમયના આધારે નાણાકીય વિશ્લેષણના પ્રકારો જણાવો.
8. કયા ગુણોત્તર દ્વારા કાર્યક્ષમતા મપાય છે ?
9. ગુણોત્તરનું વર્ગીકરણ કેટલા ભાગોમાં થાય છે ?
10. રોકડ પ્રવાહ પત્રક એટલે શું ?

## વિભાગ-C

● **નીચેના 21 થી 26 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 3 ગુણ છે.)** **[10]**

21. A,B,C, એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016 ના રોજ તેમની મૂડી અનુક્રમે રૂા. 40,000, રૂા. 30,000 અને રૂા. 80,000 હતી. વર્ષના અંતે નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડ્યું કે મૂડી પર 12% લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલસુધારણાની નોંધ લખો.

22. રાજ, જૈન અને પટેલ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓનું નફા-નુકશાનની ફાળવણીનું પ્રમાણ 3:3:2 નું છે. બધાજ ભાગીદારો એ તેમના નફા-નુકશાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 1:1:1 કરવાનું નક્કી કર્યું છે. ભાગીદારોને મળેલ લાભના પ્રમાણની ગણતરી કરો.

23. R,B અને I ભાગીદારો વચ્ચે નફા-નુકશાનની વહેંચણી 3:2:1 ના પ્રમાણમાં થાય છે. નીચેની બાકીઓનો નિકાસ કરો.
    1. સામાન્ય અનામત રૂા. 18,000
    2. નફા-નુકશાન ખાતાની ઉધારબાકી રૂા. 12,000
    3. રૂા. 18,000 કારીગર અકસ્માત વળતર ભંડોળ

24. ટૂંકનોંધ લખો. - માલમિક્ત નિકાલ ખાતા

**અથવા**

24. નીચેના વ્યવહારોની વિસર્જન સમયની આમનોંધ લખો.
    (i) પેઢીના વિસર્જન સમયે પાઘડીની ચોપડે કિંમત રૂા. 56,000 છે. તેની કોઈ રકમ ઉપજતી નથી.
    (i) ચોપડે પાઘડી દર્શાવેલ નથી છતાં વિસર્જન સમયે તેના વેચાણના રૂા. 50,000 ઉપજ્યા.
    (iii) એક ભાગીદાર તેના શ્રીમતિજીની પેઢીને આપેલ લેન રૂા. 40,000 ચૂકવવાનું સ્વીકારે છે.

25. જુગલ લિટમિટેડે તા. 1-8-2017 ના રોજ રૂા. 100 નો એક એવા 9 ટકાના 8,000 ડિબેંચર મૂળકિંમતે બહાર પાડ્યા. જે. તા. 31-7-2022 ના રોજ ડિબેંચર દીઠ રૂા. 120 ની કિંમો પરત કરવાના છે. કંપનીના ચોપડે ડિબેંચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

26. તા. 1-4-2014 ના રોજ પ્રખર લિમિટેડ 7.5% ટકાના 800 કન્વર્ટિબલ ડિબેંચર, દરેક રૂા. 200 ના ભાવે બહાર પાડ્યા. ડિબેંચર બહાર પાડતી વખતે નક્કી થયેલ મુજબ શરત મુજબ બધાજ ડિબેંચર 4 વર્ષ પછી ડિબેંચરની મૂળકિંમતના બદલામાં રૂા. 10 નો એક એવા ઈક્વિટી શેર, 25 ટકાના પ્રિમિયમથી આપવામાં આવશે. તા. 1 એપ્રિલ 2018 ના રોજ નક્કી કરેલ શરત મુજબ બધાજ ડિબેંચરનું ઈક્વિટી શેરમાં રૂપાંતર કરવામાં આવ્યું. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)


Visit https://visionpapers.in For More Papers!!!

અથવા

26. તફાવત લખો. (ગમે તે ત્રણ મુદ્દા)
શેર અને ડિબેન્ચર

## વિભાગ-D

- **નીચેના 27 થી 30 પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[20]**

27. નીચેની માહિતી પરથી મનોજ અને હરીશની ભાગીદારી પેઢીના પાઘડીની કિંમત ભારિત સરેરાશ નફો મૂડીકૃત કરવાની પધ્ધતિ અનુસાર નક્કી કરે.

| વર્ષ | નફો (રૂ. માં) |
|---|---|
| 2012-13 | 90000 |
| 2013-14 | 1,00,000 |
| 2014-15 | 1,10,000 |
| 2015-16 | 1,31,000 |
| 2016-17 | 1,51,000 |

**વધારાની માહિતી :**
1. ધંધાની મિલ્કતો : રૂા. 13,41,000
2. ધંધાની દેવા : રૂા. 3,40,000
3. ધંધાનો સામાન્ય અપેક્ષિત વળતર દર 10% છે.

28. મીના કંપની લિટમિડેના તા. 31-3-2016 અને તા. 31-3-2017 ના રોજ પુરા થતાં વર્ષનો નીચે આપેલા નફા-નુકશાનના પત્રકો પરથી તુલનાત્મક નફા-નુકશાનનું પત્રક બનાવો.

| વિગત | નો.પા.નં. | 31-3-2017 (રૂા. માં) | 31-3-2016 (રૂા. માં) |
|---|---|---|---|
| વેચાણની ઉપજ | - | 45,00,000 | 52,00,000 |
| અન્ય આવકો | - | 2,00,000 | 10,00,000 |
| ચોખ્ખી ખરીદી | - | 32,00,000 | 38,00,000 |
| અન્ય ખર્ચાઓ (વેચાણની ટકાવારી) | - | 22% | 18% |
| સ્ટોકના ફેરફારો | - | (2,00,000) | (1,00,000) |
| આકવેરાનો દર 30% | - | | |

29. 'આઈ' લિમિટેડની નીચે આપેલી વિગતોના આધારે ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તર શોધો.

| વિગત | વિગત |
|---|---|
| રોકડ અને રોકડ સમક્ષ | 1,80,000 |
| દેવાદારો | 1,20,000 |
| લેણીહૂંડી | 60,000 |
| સ્ટોક | 1,40,000 |
| ચાલુ રોકાણો | 1,00,000 |


Visit https://visionpapers.in For More Papers!!!

| | |
|---|---|
| લેણદારો | 2,00,000 |
| દેવીહૂંડી | 1,00,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 80,000 |
| કરવેરાની જોગવાઈ | 80,000 |

**અથવા**

29. એફ.એલ. લિમિટેડના નીચે આપેલા વિગતોના આધારે દેવા-ઈક્વિટી ગુણોત્તરની ગણતરી કરો.

| વિગત | રકમ (રૂા.) | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|
| ઈક્વિટી શેર મૂડી | 10,00,000 | ખર્ચા ચુકવવાના બાકી | 1,00,000 |
| સામાન્ય અનામત | 6,00,000 | લાંબા ગાળાની લોન | 2,00,000 |
| નફા-નુકશાન ખાતું | 4,00,000 | લાંબા ગાળાની જોગવાઈ | 2,00,000 |

30. અમી કંપનીના નીચે આપવામાં આવેલ માહિતીને આધારે કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | 31-3-2017 (રૂા.) | 31-3-2016 (રૂા.) |
|---|---|---|
| નફા-નુકશાન ખાતું | 89,000 | 64,000 |
| સામાન્ય અનામત | 34,000 | 18,000 |
| કરવેરાની જોગવાઈ | 22,000 | 23,000 |
| ઘસારો | 28,000 | 16,000 |
| પાઘડી | 15,000 | 19,000 |
| દેવાદારો | 38,000 | 18,000 |
| લેણદારો | 45,000 | 22,000 |
| લેણીહૂંડી | 8,000 | 12,000 |
| દેવીહૂંડી | 9,000 | 15,000 |

## વિભાગ-E

- **નીચેના 31 થી 33 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ લખો. (દરેક પ્રશ્નના 8 ગુણ છે.)** **[24]**

31. પટેલ અને શાહ 3:2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 31-3-2016 ના રોજ તેમની પેઢીનું પાકુ સરવૈયું નીચે મુજબ હતું.



Visit https://visionpapers.in For More Papers!!!

| મૂડી-દેવાં | | | રકમ (રૂ.) | મિલકત-લેણાં | | રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| મૂડી : | | | | પેટન્ટ | | 10,000 |
| | પટેલ | 1,20,000 | | જમીન-મકાન | | 1,40,000 |
| | શાહ | 1,30,000 | 2,50,000 | યંત્રો | | 70,000 |
| લોન | | | 1,00,000 | ફર્નિચર | | 80,000 |
| લેણદારો | | | 80,000 | મોટરકાર | | 1,20,000 |
| દેવી હૂંડી | | | 20,000 | સ્ટોક | | 40,000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | | | 30,000 | દેવાદારો | 21,000 | |
| | | | | ઘાલખાધ અનામત | 1,000 | 20,000 |
| | | | 4,80,000 | | | 4,80,000 |

તા. 1-4-2016 ના રોજ તેઓએ રાવલને 1/5 ભાગ આપી નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરવાનું નક્કી કર્યું. રાવલ મૂડી તરીકે રૂા. 2,00,000 લાવે છે. ભાગીદારો એ મિલકત અને દેવાનું પુનઃ મૂલ્યાંકન નીચે મુજબ કર્યું.

1. જમીન અને મકાનની કિંમતમાં 20% વધારો કરવા.
2. યંત્રોની કિંમતમાં 10% ઘટાડો કરવો.
3. ફર્નિચરની કિંમત રૂા. 60,000 ગણવી.
4. મોટરાકર પર 20% ઘસારો ગણવો.
5. દેવાદારો પર રૂા. 5,000 ઘાલખાધ અનામત રાખવી.
6. પેટન્ટની કિંમત શૂન્ય ગણવી.
7. લોન પર રૂા. 6,000 વ્યાજ ચૂકવવાનું બાકી છે.
8. લેણદારો અને દેવીહુંડીમાં 10% ઓછા ચૂકવવા પડશે.
9. ચોપડે નહિ નોંધેલ રોકાણોનું મૂલ્ય રૂા. 20,000 નક્કી કરવામાં આવ્યું.
10. નફા-નુકશાન ખાતે ઉધારેલ વીમા-પ્રિમિયમ રૂા. 30,000 માંથી રૂા. 10,000 આવતા વર્ષ માટેના છે. ઉપરની માહિતી પરથી જરૂરી ખાતાં તૈયાર કરી નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**32.** ધવલ, કમલ અને નવલ, 2:2:1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016 ના રોજ નવલ નિવૃત્ત થાય છે. તા. 31-3-2016 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | | રકમ (રૂ.) | મિલકત-લેણાં | રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | | પાઘડી | 10,000 |
| | ધવલ | 30,000 | | યંત્રો | 20,000 |
| | કમલ | 20,000 | | રોકાણો | 10,000 |
| | નવલ | 10,000 | 60,000 | દેવાદારો | 30,000 |
| સામાન્ય અનામત | | | 5,000 | સ્ટોક | 10,000 |
| રોકાણ વધ-ઘટ ભંડોળ | | | 2,500 | રોકડ બેંક | 5,000 |
| ઘાલખાધ-અનામત | | | 2,000 | | |
| લેણદારો | | | 15,500 | | |
| | | | 85,000 | | 85,000 |


Visit https://visionpapers.in For More Papers!!!

નિવૃત્તિ વખતે નક્કી કરવામાં આવ્યું કે :

(1) યંત્રોની કિંમત રૂા. 25,000 અને સ્ટોકની કિંમત રૂા. 5,000 આંકવી.

(2) રોકાણોની કિંમત રૂા. 8,000 નક્કી થઈ તે કિંમતે રોકાણો નવલ લઈ જાય છે.

(3) લેણદારો પૈકી રૂા. 5,000 દેવું ચૂકવવું નહિં પડે.

(4) કામદાર વળતર પેટે રૂા. 2,000 ના દાવાની જોગવાઈ કરવી.

(5) ઘાલખાધ અનામત દેવાદારો પર 10% રાખવી.

(6) પાઘડીનું મૂલ્યાંકન રૂા. 40,000 કરવામાં આવ્યું.

ઉપરની માહિતી પરથી જરૂરી ખાતા તૈયાર કરી નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**33.** ધ્યાની સિરામીક લિમિટેડે રૂા. 10 નો એક એવા 3,00,000 ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 150 ના પ્રીમિયમે બહાર પાડ્યા. શેરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી.

અરજી વખતે શેરદીઠ રૂા. 74 (રૂા. 70 ના પ્રિમીયમ સહિત)

મંજૂરી વખતે શેરદીઠ રૂા. 44 (રૂા. 40 ના પ્રીમીયમ સહિત)

આખરી હપ્તા વખતે શેરદીઠ રૂા. 42 (રૂા. 40 ના પ્રીમીયમ સહિત)

કંપનીને 3,00,000 શેરની અરજીઓ મળી હતી. વિશાલે ધારણ કરેલા 2,000 શેર પર આખરી હપ્તાની રકમ સિવાય બધાજ શેર પૂર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીએ યોગ્ય કાર્યવાહી બાદ વિશાલના શેર જપ્ત કર્યા અને તે શેર, શેરદીઠ રૂા. 80 લેખે અવનીને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યાં.

ઉપરની વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બા.જે. જરૂરી નથી.)

**અથવા**

**33.** ભરૂચ, ગુજરાત ફર્ટિલાઈઝર લિ. કંપનીએ 4,50,000 શેર, શેરદીઠ રૂા. 10 લેખે બહાર પાડ્યા. શેરદીઠ જરૂરી રકમ નીચે મુજબ મંગાવવામાં આવી.

| | |
|---|---|
| અરજી વખતે | - શેરદીઠ રૂા. 3 |
| મંજુરી વખતે | - શેરદીઠ રૂા. 3 |
| પ્રથમ હપ્તા વખતે | - શેરદીઠ રૂા. 2 |
| આખર હપ્તા વખતે | - શેરદીઠ રૂા. 2 |

જાહેર જનતમાંથી 6,20,000 શેરની અરજીઓ મળી હતી. 5,40,000 શેરના અરજદારોને પ્રમાણસર ફાળવણીથી 4,50,000 શેર મંજુર કરવામાં આવ્યા હતાં. બાકીના અરજદારોને તેમની અરજી પર ભરેલ રકમ કંપનીએ પરત કરી. મહેશ કે જેના 1,000 શેર મંજુર કરવામાં તેણે આખરી હપ્તાની રકમ નહિ ભરતાં તેના શેર જપ્ત કરવામાં આવ્યા હતાં અને તેના બધાજ શેર, શેર દીઠ રૂા. 5 લેખે બહાર પાડ્યા હતા. કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો. (બા.જે. જરૂરી નથી.)

## વિભાગ-F

- **નીચેના 34 અને 35 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ લખો. (દરેકના 11 ગુણ છે.)** **[22]**

**34.** રામ અને રહીમ 3:2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચી લેતા ભાગીદારો છે. 31-3-2017 ના રોજનું કાચુ સરવૈયું અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.


Visit https://visionpapers.in For More Papers!!!

રામ અને રહીમની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017 ના રોજ કાચું સરવૈયું

| ઉધાર બાકી | રકમ (રૂા.) | જમા બાકી | રકમ (રૂા.) |
|---|---|---|---|
| ઉપાડ : | | મૂડી ખાતાં : | |
| રામ 5,000 | | રામ 55,000 | |
| રહીમ 5,000 | 10,000 | રહીમ 45,000 | 1,00,000 |
| ભાડાપટ્ટાનું મકાન (તા. 1-4-16 થી 10 વર્ષ માટે) | 60,000 | રામની લોન (તા. 1-7-2016 થી) | 50,000 |
| મશીનરી (ઓફિસ) | 50,000 | મળેલ વટાવ | 400 |
| આપેલ વટાવ | 350 | લેણદારો | 25,000 |
| દેવાદારો | 40,000 | કમિશન | 2,500 |
| જાવક માલ ગાડા ભાડું | 1,200 | દેવીહૂંડી | 5,000 |
| ફર્નિચર-ફિક્ષ્ચર્સ | 5,000 | વેપાર ખાતે | 97,250 |
| પગાર | 7,500 | | |
| ઘાલખાધ | 1,200 | | |
| લેણીહૂંડી | 20,000 | | |
| વેપાર ખર્ચ | 5,900 | | |
| રોકડ સિલક | 6,000 | | |
| સ્ટોક (તા. 31-3-2017) | 73,000 | | |
| | 2,80,150 | | 2,80,150 |

હવાલા :

(1) મશીનરી પર 6% ફર્નિચર-ફિક્ષ્ચર્સ પર 20% લેખે ઘસારો ગણો. (2) દેવાદારોમાંથી રૂા. 500 ઘાલખાધ માંડી વાળો. (3) રામ અને રહીમને અનુક્રમે રૂા. 5,000 અને રૂા. 4,000 વાર્ષિક પગાર આવવાનો છે.(4) રૂા. 500 કમિશનના મળવાના બાકી છે. (5) પગારના રૂા. 3,000 ચૂકવવાના બાકી છે.

**35.** તા. 31-3-2017 ના રોજનું કેયુર લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર (રૂા.) | જમા (રૂા.) |
|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી | - | 2,40,000 |
| ઓફિસ અને વેચાણ ખર્ચ | 24,000 | - |
| ખરીદી | 4,26,000 | - |
| 10% ના ડિબેન્ચર | - | 1,20,000 |
| વેચાણ | | 9,60,000 |
| સોફટવેર | 1,20,000 | - |
| મજુરી | 24,000 | - |
| ડિબેંચર વ્યાજ | 12,000 | - |
| પગાર | 3,00,000 | - |
| બેંક ઓવરડ્રાફ્ટ | - | 14,400 |
| જમીન-મકાન | 2,28,000 | - |
| શરૂઆતનો સ્ટોક | 36,000 | - |
| મળેલ વટાવ | - | 15,600 |
| દેવાદારો | 1,80,000 | - |
| | 13,50,000 | 13,50,000 |

અન્ય માહિતી : (1) આખર સ્ટોક રૂા. 42,000 (2) નફાના 50% કરવેરાની જોગવાઈ કરો.
આપેલ વિગતો પરથી 31-3-2017 ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-III મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધ જરૂરી નથી.


Visit https://visionpapers.in For More Papers!!!

## વિભાગ-A

1. (D) 2. (D) 3. (D) 4. (A) 5. (B) 6. (C) 7. (C) 8. (A) 9. (B) 10. (C)

## વિભાગ-B

**11.** મૂડીકૃત નફો એટલે અપેક્ષિત વળતર દરના આધારે સરેરાશ નફાની મૂડીકૃત કિંમત. **12.** નફા-નુકશાન હવાલા ખાતું **13.** નવા ભાગીદારને તેના પ્રવેશની તારીખ સુધીમાં મિલકતો અને જવાબદારીની કિંમતમાં થતા ફેરફારને પરિણામે નફામાં ભાગ મળે નહિ કે તે આવું નુકશાન પણ ભોગવશે નહિ. તેથી નવા ભાગીદારના પ્રવેશ વખતે મિલકતો અને દેવાનું પુનઃ મૂલ્યાંકન કરવામાં આવે છે. **14.** (1) સામાન્ય વિસર્જન (અદાલતના હસ્તક્ષેપ સિવાય) (2) અદાલત દ્વારા વિસર્જન **15.** કંપની જ્યારે મૂળ કિંમત કરતાં વધુ કિંમતે શેર બહાર પાડે ત્યારે શેર પ્રીમિયમે બહાર પાડ્યા કહેવાય. કંપનીધારા મુજબ પ્રીમિયમની રકમ 'જામીનગીરી પ્રીમિયમ' ખાતે લઈ જવામાં આવે છે. **16.** કંપનીધારા, 2013 મુજબ કોઈપણ કંપની વધુમાં વધુ 10 વર્ષની મુદ્દતના ડિબેન્ચર બહાર પાડી શકે. **17.** (1) લાંબા ગાળાનું વિશ્લેષણ (2) ટૂંકા ગાળાનું વિશ્લેષણ **18.** કાર્યક્ષમતાના ગુણોત્તરો દ્વારા કાર્યક્ષમતા મપાય છે. સ્ટોક ઉથલો, દેવાદાર ઉથલો, લેણદારનો ઉથલો **19.** ગુણોત્તરોનું વર્ગીકરણ બે ભાગોમાં કરી શકાય છે. **20.** વર્ષ દરમિયાન રોકડની આવક અને જાવક કેટલી થઈ અને તેના પરિણામે વર્ષાન્તે રોકડ અને રોકડ સમક્ષની સિલક દર્શાવતું પત્રક એટલે રોકડ પ્રવાહ પત્રક.

## વિભાગ-C

**21.** A ના મૂડી ખાતે / ચાલુ ખાતે ...... ઉ 1200

B ના મૂડી ખાતે / ચાલુ ખાતે ...... ઉ 2400

તે C ના મૂડી ખાતે/ ચાલુ ખાતે ...... 3,600

**22.** $-\frac{1}{24}$ રાજનો ત્યાગ, $-\frac{1}{24}$ જૈનનો ત્યાગ , $\frac{2}{24}$ પટેલનો લાભ

## વિભાગ-D

**27.** રોકાયેલી મૂડી = 10,00,000

ભારિત સરરાશ નફો = 1,26,000

મૂડીકૃત નફો = 12,60,000

પાઘડી = 2,60,000

**28.** આવક વેરા પછીનો નફો = (5,97,800), (ઘટાડો), (54.60) (ઘટાડો)

**29.** ચાલુ ગુણોત્તર = 1.30 : 1 , પ્રવાહી ગુણોત્તર = 1: 1 **અથવા**

**29.** દેવા-ઈક્વિટી ગુણોત્તર = 0.20 : 1

**30.** કાર્યશીલ મૂડીના ફેરફાર પહેલા નો નફો = 79,000/-

કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવતો રોકડ પ્રવાહ = 57,000/-



Visit https://visionpapers.in For More Papers!!!

## વિભાગ-E

31. પુનઃમૂલ્યાંકન ખાતાની ખોટ = 3,000

પટેલના ભાગની ખોટ = 1,800

શાહના ભાગની ખોટ = 1,200

ભાગીદારના મૂડી ખાતાની આખરની બાકી :

પટેલ = 1,18,200, શાહ = 1,28,800, રાવલ = 2,00,000

રોકડ ખાતાની આખરની બાકી = 2,00,000

પાકા સરવૈયાનો સરવાળો = 6,73,000

32. પુનઃ મૂલ્યાંકન ખાતાનો નફો = 2000

ધવલના ભાગનો નફો 800, કમલના ભાગનો નફો = 800 નવલના ભાગનો નફો = 400

ભાગીદારના મૂડી ખાતાની આખરની બાકી :

ધવલ = 25,000, કમલ = 15,000

રોકડ સિલકની આખરની બાકી = 5,000, પાકા સરવૈયાનો સરવાળો = 62,000

33. આખરી હપ્તા વખતે મળવાનો બાકી હપ્તો = 84,000

શૅર જપ્તીની રકમ = 16,000, મૂડી અનામતની રકમ = 16,000 **અથવા**

33. અરજી વખતે મળેલ રકમ (₹) 18,60,000

શૅર મંજૂરી વખતે મળેલ રકમ (₹) 13,50,000

શૅર પ્રથમ હપ્તા વખતે મળેલ રકમ (₹) 9,00,000

શૅરના આખરી હપ્તા વખતે મળેલ રકમ (₹) 8,98,000

શૅર જપ્તીની રકમ (₹) 8,000

મૂડી અનામતની રકમ (₹) 3,000

## વિભાગ-F

34. નફા-નુકશાન ખાતાનો નફો = 68,750

નફા-નુકશાન ફાળવણી ખાતાનો નફો = 59,750

(વહેંચણી પાત્ર નફો)

રામના ભાગનો નફો = 35,850

રહીમના ભાગનો નફો = 23,900

ભાગીદારીના મૂડી ખાતાની આખરની બાકી :

રામ = 90,850 , રહીમ = 67, 900

પાકા સરવૈયાનો સરવાળો = 2,44,000

35. કુલ ઊપજ = 9,75,600

કુલ ખર્ચા = 7,80,000

આવકવેરા બાદનો નફો = 97,800

શૅર હોલ્ડરોનાં ભંડોળ = 3,37,800


Visit https://visionpapers.in For More Papers!!!

| | | |
|---|---|---|
| બિન ચાલુ જવાબદારી | = | 1,20,000 |
| ચાલુ જવાબદારી | = | 1,12,200 |
| બિન ચાલુ મિલકતો | = | 3,48,000 |
| ચાલુ મિલકતો | = | 2,22,000 |
| કુલ સરવાળો | = | 5,70,000 |
| આવકવેરા બાદનો નફો | = | 97,800 |

$x : y \quad 2 : 3 \quad \frac{2}{5}\times\frac{1}{4}=\frac{2}{20}$ ત્યાગ, $\frac{3}{5}\times\frac{1}{8}=\frac{3}{40}$ ત્યાગ

$=\frac{2}{20}+\frac{3}{40}=\frac{4+3}{40}=\frac{7}{40}$ 5600 પાઘડી $\quad \frac{2}{2}\times\frac{2}{20} : \frac{3}{40} = 4 : 3$

1. રોકડ................ ઉ 5,600
   તે પાઘડી પ્રીમી 5,600
2. પાઘડી પ્રીમી. ................ ઉ 5,600
   તે વિદિત 3,200
   તે વિશાલ 2,400

Visit https://visionpapers.in For More Papers!!!